# વાત્રક હોસ્પિટલને ઈકો એમ્બ્યુલન્સની ભેટ, દાતાઓનો આભાર માનતુ ટ્રસ્ટ

બાયડ(બ્યૂરો ઓફિસ) તા.૧૨

વાત્રકની શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ હોસ્પિટલને અંબિકાધામ બોરલ તથા સ્વ. કંકુબેન શંકરલાલ બ્રહ્મભટ્ટ પરિવાર દ્વારા ઈકો એમ્બ્યુલન્સની ભેટ અપાતાં વાત્રક હોસ્પિટલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ દાતા પરિવારનો આભાર માન્યો હતો.

ગરીબ દર્દીઓની દિવસ-રાત સેવા કરતી વાત્રક હોસ્પિટલમાં ખાનગી હોસ્પિટલ જેવી સવલતો ઉભી કરવામાં આવી છે કોરોના કાળમાં બંને જિલ્લા માટે વાત્રક કોવિડ હોસ્પિટલ આર્શિવાદ રૂપ બની હતી.દાતાઓ પણ હવે વાત્રક હોસ્પિટલના ટ્રસ્ટીઓની સારી કામગીરી જોઈ ઉદાર હાથે દાન આપી રહ્યા છે. બોરલના કૃષ્ણકાન્ત એસ.બ્રહ્મભટ્ટ અને પલ્લવીબેન બ્રહ્મભટ્ટ દ્વારા તેમના સ્વજનની યાદમાં હોસ્પિટલને એમ્બ્યુલન્સનું દાન આપ્યું ત્યારે ચેરમેન કોદરભાઈ પટેલ, ઉપપ્રમુખ પંકજભાઈ એમ. પટેલ, માનદ મંત્રી કનૈયાલાલ એમ. શાહ, સહમંત્રી અંબાલાલ પટેલ વગેરે આભાર માન્યો હતો.

# બાયડ તાલુકા પંચાયત એ.ટી.વી.ટી.માં બિનસરકારી પ્રતિનિધિ તરીકે નિયુક્તિ

બાયડ(બ્યૂરો ઓફિસ) તા.૧૨



બાયડ તાલુકા પંચાયત એ.ટી.વી.ટી.માં બિનસરકારી પ્રતિનિધિ તરીકે બાયડ તાલુકાના યુવા અગ્રણી, તાલુકા પંચાયત પૂર્વ સભ્ય હિતેન્દ્રસિંહ (મુન્નાભાઈ) ટી. ચૌહાણ(લીંબ)ની નિયુક્તિ કરતાં બાયડ તાલુકા ભાજપ સંગઠન તેમજ પશ્ચિમ ગાળાના ભાજપ કાર્યકરોએ તેમની નિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# ચમારપુર પ્રા.શાળાના શિક્ષિકાનો નિવૃતિ વિદાય સમારંભ, શાળા સ્ટાફ ભાવુક બન્યો

## પ્રા. શિક્ષકોના યોગદાનને ક્યારેય ભૂલવું જોઈએ નહિ, આમંત્રિતો





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

બાયડ તાલુકાની ચમારપુર પ્રા. શાળામાં યશસ્વી સેવા આપી વયમર્યાદાના કારણે નિવૃત થયેલા ઉ.શિક્ષિકા ઉષાબેન ભરતકુમાર પટેલનો નિવૃત્તિ વિદાય સમારંભ રાજય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ એમ. પટેલ, તાલુકા પ્રા.શિક્ષણાધિકારી જી.એન.દેશમુખ, નિવૃત્ત ડે.કમિશ્નર રમેશભાઈ એમ. પટેલ, બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ સહિત આમંત્રિતોની ઉપસ્થિતિમાં શનિવારે યોજાઈ ગયો જેમાં નિવૃત્ત થયેલા પ્રા.શિક્ષિકાની કર્મયોગી કામગીરીની પ્રશંસા કરવાની સાથે પ્રા.શિક્ષકોના યોગદાનને ક્યારેય ભૂલાવું ન જોઈએ તેવું મુખ્ય આમંત્રિતોએ જણાવ્યું હતું.

કોરોનાના કારણે બાયડ તાલુકાએ ૭ પ્રા.શિક્ષકો ગુમાવતાં ચમારપુર પ્રા.શાળામાં યોજાયેલા નિવૃત્તિ વિદાય સમારંભમાં તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. નિવૃત્ત થયેલ પ્રા.શિક્ષક ઉષાબેન પટેલએ શૈક્ષણિક કામગીરી દરમિયાન ગ્રામજનો દ્વારા મળેલા અમૂલ્ય સહયોગની યાદ કરી આવનારા વર્ષોમાં પણ શાળા સ્ટાફને સહયોગ આપવા અપીલ કરી હતી. શાળાના મુ.શિ. ભરતકુમાર એલ. પટેલએ સૌ આમંત્રિતોને આવકાર્યા હતા. શાળા સ્ટાફ તેમજ બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા નિવૃત્ત પ્રા.શિક્ષકનું સન્માનપત્ર આપી યાદગાર બહુમાન કરવામાં આવ્યું. સમારંભ અધ્યક્ષ, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી સતિષભાઈ પટેલએ નિવૃત્ત થયેલા પ્રા.શિ. ઉષાબેન પટેલની શિક્ષક તરીકેની ત્રણ દાયકાથી વધુ સમયની કામગીરીને બિરદાવી તેમનું નિવૃત્તિમય જીવન આનંદમય બની રહે તેવી શુભકામના પાઠવી હતી. નિવૃત્તિ વિદાય સમારંભમાં વાત્રકગઢ કંપા જૂથ ની તમામ શાળાના મુ.શિ. તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. જયારે બી.આર.સી. દિપકભાઈ પટેલ, સી.આર.સી. રાજેન્દ્રભાઈ પટેલ, બાયડ તાલુકા પ્રા.શિક્ષક સંઘના મહામંત્રી શરદભાઈ પટેલ, ઉપપ્રમુખ ધર્મેશભાઈ સોની, સહમંત્રી પંકજભાઈ બારોટ, બાયડ તાલુકા પ્રા.ટીચર્સ ધિરાણ મંડળીના ચેરમેન નરેશભાઈ ડી. પટેલ, જૂથમંત્રી શર્મિષ્ઠાબેન પટેલ, પૂર્વ જૂથમંત્રી નરેન્દ્રભાઈ પટેલ, ઈન્દુબેન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન શાળા સ્ટાફ અને કિરીટભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.


## જન્મદિને વધામણી



જિમીત કમલેશકુમાર પંચાલ
બાયડ, જિ.અરવલ્લી



પ્રિન્સ વિપુલભાઈ રબારી
બાયડ, જિ.અરવલ્લી



અલ્પેશભાઈ પટેલ
(મા.શિ. : ઉજળેશ્વર હાઈસ્કુલ)
બાયડ(વસાદરા)



નિરવ એમ. પટેલ
(ડાયરેક્ટર : એમ.ડી.પટેલ શૈક્ષણિક સંકુલ, તખતપુર)
મહીયાપુર, તા.માલપુર



પ્રકાશભાઈ શાહ
સાઠંબા, તા.બાયડ



જય હેમંતભાઈ દિક્ષીત
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



દિપેન મૌલેશભાઈ સોની
(સત્વ ઈન્ફો કોમ-હિંમતનગર)
હિંમતનગર, જિ.સાબરકાંઠા



દિનકર પટેલ
બાયડ, જિ.અરવલ્લી



જલ્પાબેન સુનિલભાઈ પટેલ
(ડાભા હાઈસ્કુલ) દેવભૂમિ રેસીડેન્સી
બાયડ, જિ.અરવલ્લી



મંથન ચૌધરી
બાયડ, જિ.અરવલ્લી

# કોના ઈશારે ઉબેટ : આકરૂન્દ ગ્રામ પંચાયતની આઈડીઅલ વિલેજની કામગીરી ખોરંભે

## મુખ્યમંત્રી, ઉર્જામંત્રીને સરપંચ, ઉપસરપંચ દ્વારા લેખિત રજુઆત

બાયડ(બ્યૂરો ઓફિસ) તા.૧૨

ધનસુરા તાલુકાની આકરૂન્દ ગ્રામ પંચાયતના થઈ રહેલા ટનાટન વિકાસથી કોઈના પેટમાં તેલ રેડાઈ રહ્યું છે અને વિકાસ કામોમાં ઉબેટ કરવાની શરૂઆત થઈ છે. રાજ્યના ઉર્જા વિભાગ દ્વારા આકરૂન્દ ગ્રામ પંચાયતનો આઈડીઅલ વિલેજમાં સમાવેશ કર્યા પછી છેલ્લા છ મહિનાથી કામગીરી ખોરંભે પડતાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ઉર્જામંત્રી સૌરભ પટેલને ગ્રામ પંચાયત સરપંચ લલિતાબેન એમ. પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ એચ. પટેલ દ્વારા લેખિત રજુઆત કરી ખોરંભે પડેલી કામગીરી શરૂ કરવા જણાવ્યું છે.

આકરૂન્દ ગ્રામ પંચાયતમાં વિકાસના કામો તેજ ગતિથી ચાલી રહ્યા છે. આકરૂન્દ ગ્રામ પંચાયત તાલુકાની વિકાસશીલ પંચાયત બની રહે તે માટે સરપંચ, ઉપસરપંચ અને તમામ સભ્યોએ સહિયારા પ્રયાસો શરૂ કરતાં અનેક લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત અનેક યોજનાકીય લાભ મળ્યા છે. જે વિસ્તારોમાં અત્યાર સુધી સીસીરોડ કે બ્લોક રોડ નસીબ થયા ન હતાં ત્યાં સુવિધાયુક્ત રોડ બન્યા છે. રાત્રીના અંધારા પણ ઉલેચવાના દર્શનિય પ્રયાસ થયા છે. આકરૂન્દ ગ્રામ પંચાયતને આઈડીઅલ વિલેજમાં સમાવેશ કરવા માટેની માંગ ઉર્જા વિભાગ દ્વારા સ્વીકાર્યા પછી વિભાગના સુપ્રિટેન્ડેન્ટ અને તેમની ટીમે આકરૂન્દમાં લોકદરબાર યોજી નાગરિકોની રજુઆતને તેમના પ્રશ્નો બાબતે નિકાલનું આશ્વાસન આપ્યું હતું અને તેમાં માત્ર બે ટીસીનું કામ માત્ર છ મહિનામાં કરી અન્ય કામ ખોરંભે પડ્યું છે. કોન્ટ્રાક્ટરો દ્વારા મટેરીયલ્સ ન હોવાના બહાના બતાવી રહ્યા છે. જે પણ કામ થયું તેમાં અનેક પ્રકારનાં ફોલ્ટના કારણે પ્રજા પરેસાન થઈ છે. જેથી આઈડીઅલ વિલેજનું ખોરંભે પડેલું કામ સત્વરે શરૂ કરવા રાજ્ય સરકાર સમક્ષ લેખિત ફરીયાદ કરવામાં આવી છે.

# ભયંકર બફારામાં વીજપ્રવાહ બંધ : બાયડ, મોડાસા, હિંમતનગરમાં ધોળેદાડે અંધારપટ, પ્રજા, વહેપારી, દર્દી અકળાયાં

## વહેપારીઓ દુકાની બહાર આવી બેસી રહ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

ભયંકર બફારાથી પ્રજા છેલ્લા ૪ દિવસથી ત્રાહિમામ છે ત્યારે વીજતંત્રએ અગાઉના નિર્ધારિત કાર્યક્રમ મુજબ શનિવાર સવારથી બાયડ, મોડાસા, હિંમતનગર ફિડરનું વીજપુરવઠો બંધ રહેતા ૧૬૦થી વધુ ગામોમાં ધોળેદાડે અંધારપટ અનુભવાયો. દિવસ દરમિયાન વીજપુરવઠો બંધ રહેતા પ્રજા, વહેપારી અને દર્દીઓ અકળાઈ ઉઠ્યા હતા. એકરીતે પ્રજા માટે શનિવારનો દિવસ ત્રાસદાયક દિવસ બની ગયો હતો.

ચોમાસા પૂર્વે વીજતંત્ર દ્વારા સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે. વીજ ટ્રાન્સફોર્મર બદલવાથી માંડી હેવી લાઈનને નડતર રૂપ વૃક્ષો દૂર કરવા તંત્ર દોડતું થયું વરસાદ અને વાવાઝોડાની સ્થિતિમાં વીજપુરવઠો જળવાયેલો રહે તે માટે વીજતંત્ર દ્વારા મેઈન્ટેનન્સ અંગેની જાહેરાત કરી વીજપુરવઠો બંધ રાખવામાં આવી રહ્યો છે. તા.૧૨ના રોજ અગાઉની જાહેરાત મુજબ ઉત્તર ગુજરાત વીજ કંપનીની ટીમોએ બાયડ સહિતના વિસ્તારોમાં સમારકામ શરૂ કર્યું હતું જેમા સલામતી ખાતર વીજપુરવઠો બંધ કરવામાં આવતાં પ્રજા ઉકળાટ ભરેલા માહોલમાં ત્રાહિમામ પોકારી ગઈ હતી તે જ રીતે મોડાસા અને હિંમતનગરમાં તંત્રએ વીજપુરવઠો બંધ કરતાં દૂધ, આઈસ્ક્રીમ પાર્લર, ટાયર પંક્ચર સહિતના ધંધા-રોજગારોને અસર થઈ હતી. લેબોરેટરીમાં રિપોર્ટ લેવા માટે આવેલા દર્દીઓ પણ બંધ વીજ પુરવઠાના કારણે હાલાકીમાં મુકાયા હતા.

# પ્રાંતિજ સિનિયર સીટીઝન મંડળ દ્વારા પરિવાર કલ્યાણ નિધિ યોજના અંતર્ગત મૃતકોના પરિવારજનોને ચેક અર્પણ કરાયા

## ચાર જગ્યાએ મૃતકોના પરિવારોને ચેક અર્પણ કર્યા : મંડળના મંત્રી સહિત કારોબારી સભ્યો દ્વારા ઘરે જઇને ચેક અર્પણ કર્યા

પ્રાંતિજ તા.૧૨, સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ





ખાતે કાર્યરત પ્રાંતિજ સિનિયર સીટીઝન મંડળ દ્વારા આયોજીત પરિવાર કલ્યાણ નિધી યોજના અંતર્ગત મંડળના ચારના સમયાંતરે થયેલ અવસાન થતા તેમના પરિવારજનોને શ્રધ્ધાંજલી સાથે ચેક અર્પણ કરવામા આવ્યા હતા.

પ્રાંતિજ શહેર મા કાર્યરત સિનિયર સીટીઝન મંડળ દ્વારા તાજેતરમા મંડળના સભ્યો પૈકી ચાર સભ્યોના સમયાંતરે દુઃખદ અવસાન થતા આ મંડળ આયોજીત પરિવાર કલ્યાણ નિધિ યોજના અંતર્ગત તેમના ધરે જઈ ને પરિવારજનોને રૂપિયા ૧૧,૦૦૦ ના ચેક અર્પણ કરવામા આવ્યા હતા પ્રાંતિજ સિનિયર સીટીઝન મંડળ ના અગ્રણીઓ શરદચંદ્ર પરીખ, શર્મિષ્ઠાબેન ખમાર, ધનજીભાઈ પટેલ તેમજ અન્ય કારોબારી સભ્યો ઉપસ્થિત રહીને મૃતકો ના પરિવારજનોને સાંત્વના આપીને યોજનામા જોડાયેલા સભ્યો પૈકીના મૃતકોના પરિવાર ને શોક ઠરાવ સાથે રૂપિયા-૧૧હજાર ના ચેકો આપવામા આવ્યા હતા .કોરોના મહામારી ના સમયે સીનીયર સીટીઝન્સ પરિવાર કલ્યાણ નિધી મા જોડાયેલા મનુભાઈ સુખદેવ પ્રસાદ સાધુ, અરૂણકુમાર પુરુષોત્તમદાસ ખમાર , ગીતાબેન વિનુભાઈ મોદી તેમજ શાંતાબેન કાન્તિભાઈ પટેલ નાં દુખદ અવસાન થયા હતા આ ચારેય સભ્યો મંડળ ની યોજનામા જોડાયેલા હતા આ તમામ સભ્યોનુ બીમારીમાં સ્વાસ્થ્ય બગડતા અવસાન થયુ હતુ પ્રાંતિજ સીનીયર સીટીઝન ના સેવાભાવી હોદ્દેદારો દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ તેમજ કલ્યાણ કારી યોજના ઓની સમગ્ર પંથક મા સરાહના થઈ રહી છે.

# પ્રાંતિજના ઈસમ સાથે ૨૯.૨૦ લાખની છેતરપિંડી થતા પોલીસ ફરિયાદ

## પ્લોટની સ્કીમમાં રોકાણ કરવાનું જણાવી છેતરપીંડી થતા પોલીસ ફરિયાદ થઈ : અમદાવાદના રૂચી નિર્માણના ભાવેશ જાની વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ થઈ

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ઈસમ સાથે પ્લોટની સ્કીમમાં રોકાણ કરવાનુ કહીને ૨૯.૨૦લાખની છેતરપીંડી થતા અમદાવાદ ખાતે રહેતા રૂચી નિર્માણના ભાવેશ જાની વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાઈ.

નવ વર્ષ અગાઉ અમદાવાદ જીલ્લાના બાવળા રોડ પર આવેલ મેમર ગામે રૂચી નિર્માણ હાઉસના નામે રહેણાંક પ્લોટ ની સ્કીમ મૂકી તેના માલિકે કેટલાક લોકો પાસેથી રોકાણ કરવાની લાલચ આપીને પ્રાંતિજના રહીશ અને અન્ય લોકોના સ્કીમ માં નાણાં રોકવા જણાવીને તત્કાલીન સમયે અંદાજે રૂપિયા - ૨૯.૨૦ લાખ ચેક થી લીધા બાદ રહેણાંક પ્લોટ તથા અન્ય રોકડ પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરાતા પ્રાંતિજના એક રહીશે રૂચી નિર્માણ ના માલિક વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ નોંધાવી છે અને આ અંગે પ્રાંતિજ રેલ્વે રટેશન વિસ્તાર માં આવેલ નરેન્દ્ર રજનીકાંત મિસ્ત્રીએ નોંધાવેલી ફરિયાદ મા કરેલા આક્ષેપ મિસ્ત્રીએ નોંધાવેલી ફરિયાદ માં કરેલા આક્ષેપ મુજબ વર્ષ ૨૦૧૨-૧૩ ના સમયગાળા દરમ્યાન ભાવેશ ચુનીભાઈ જાનીએ રૂચી નિર્માણ ના ટ્રસ્ટ ના નામે મેમર ગામે રહેણાંક પ્લોટ ની સ્કીમ મૂકીને લોકોને તેમા નાણાનુ રોકાણ કરવા લાલચ આપી હતી .જેથી પ્રાંતિજ ના નરેન્દ્ર મિસ્ત્રીએ તત્કાલીન સમયે રૂચી નિર્માણ ના ભાવેશ ચીનુભાઈ જાની સાથે બેઠક કરી હતી અને પ્લોટ ની સ્કીમમા નરેન્દ્ર મિસ્ત્રી તથા અન્ય લોકો પાસેથી ચેક લઈ ને અંદાજે રૂપિયા ૨૯.૨૦ લાખ ના લીધા હતા ત્યારબાદ આ રોકાણ કરતાઓને ૯ વર્ષ બાદ પણ રહેણાંક પ્લોટ તથા લીધેલા રોકડ રકમ પરત નહી કરીને વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા પ્રાંતિજ ના નરેન્દ્ર મિસ્ત્રીએ અમદાવાદ ખાતે રહેતા રૂચી નિર્માણ ના ભાવેશ જાની વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ફરિયાદ થઈ .

# બાયડ પોલિસે કારમાંથી રૂા.૧.૬૯ લાખનો વિદેશ દારૂ ઝડપ્યો

## લક્ઝુરીયશ વાહનોમાં વિદેશી દારૂની હેરાફેરી વધી



બાયડ(બ્યૂરો ઓફિસ) તા.૧૨

બાયડ પોલિસે બાતમીના આધારે બાયડ-ઉભરાણ રોડ ઉપર કારમાંથી રૂા.૧,૬૯,૦૮૦નો ૮૨૮ બોટલ વિદેશી દારૂ ઝડપ્યો હતો. જ્યારે રાજસ્થાનના કારખાવાસ ગામના પ્રહલાદસિંહ પદમસિંહ દલપતસિંહ સકતાવતની અટકાયત કરવામાં આવી હતી. પોલિસ આગવી ઢબે પૂછપરછ કરશે તો વિદેશી દારૂની હેરાફેરીનું નેટવર્ક બહાર આવી શકે છે.

છેલ્લા કેટલાંક સમયથી બાયડ, માલપુર, મેઘરજ અને ઈસરી પોલિસ સ્ટેશનની હદમાંથી લક્ઝુરીયશ વાહનો મારફતે વિદેશી દારૂની ખેપ શરૂ થઈ છે. ચોક્કસ સમયે આવા વાહનો પસાર થઈ રહ્યા છે પરંતુ દેખાડાં પુરતાં વાહનો પકડી પોલિસ પ્રોહિબિશનના કેસ નોંધી રહી છે. બાયડ પોલિસને ગતરોજ બાતમી મળી હતી કે ઉભરાણથી બાયડ-દહેગામ રોડ ઉપર દારૂ ભરેલી કાર નં. જીજે.૨૭.બીએસ.૯૫૪૨ પસાર થવાની છે. જેથી પોલિસ વોચમાં હતી અને બાતમી આધારિત કારને થોભાવી તપાસ હાથ ધરતાં કારમાં સંતાડેલ રૂા.૧.૬૯ લાખનો વિદેશી દારૂ, મોબાઈલ ફોન, હ્યુન્ડાઈ કાર અને રોકડ રકમ સાથે કુલ રૂા.૪,૭૨,૦૬૦નો મુદ્દા માલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલિસ રીમાન્ડ દરમિયાન ઢીલીનીતિ નહિ રાખે તો દારૂની હેરાફેરી અને વેચાણના રેકેટનો પર્દાફાશ થઈ શકે છે.




# છભૌની યુવતી ગુમ થતાં તર્કવિતર્ક : બાયડ તાલુકાનો બનાવ

બાયડ(બ્યૂરો ઓફિસ) તા.૧૨

બાયડ તાલુકાના છભૌ ગામના ઝાલા પરિવારની યુવતી ઘરેથી શૌચક્રિયા માટે જવાનું કહી નીકળ્યા પછી ગુમ થતાં તર્કવિતર્ક શરૂ થયા છે. પરિવાર દ્વારા ગુમ થનાર યુવતીની શોધ કરી હોવા છતાં કોઈ પત્તો મળ્યો ન હોવાથી બાયડ પોલિસને જાણ કરવામાં આવી છે.

પોલિસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના છભૌ ગામે તા.૧૧ના રોજ શંકરભાઈ મણીભાઈ ઝાલાની પુત્રી સુમિત્રા શૌચક્રિયા માટે નીકળી હતી પરંતુ મોડી સાંજ સુધી પરત ન આવતાં પરિવાર ચિંતામાં સરી પડ્યો છે. કોઈએ તેનું અપહરણ કર્યું છે કે પછી જાતે જ ક્યાંક ચાલી ગઈ છે તેવા સવાલો ચર્ચાના વિષય બન્યા છે. બનાવ અંગે શંકરભાઈ ઝાલાની ખબરના આધારે પોલિસે જાણવા જોગ શોધખોળ શરૂ કરી છે.

**ઘરમાં રહો, સુરક્ષિત રહો...**